## ગોપનીયતા નીતિ

*Disclaimer: In the event of any discrepancy or conflict in the translated version, the English version will prevail over the translation.*

ઓનલાઇન પ્લેટફોર્મ(પ્લેટફોર્મો) www.paisabazaar.com અને “મોબાઇલ એપ” (સંયુક્ત રીતે “વેબસાઇટ”) સહિત પૈસાબજાર માર્કેટિંગ એન્ડ કન્સલ્ટિંગ પ્રાઇવેટ લિમિટેડ (“પૈસાબજાર”/”કંપની”/”Paisabazaar.com”) તમારી ગોપનીયતા જાળવી રાખવાના મહત્વને સમજે છે. Paisabazaar.com તેના વપરાશકર્તાઓની બધી માહિતી ગોપનીયતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવા પ્રતિબદ્ધ છે. આ ગોપનીયતા નીતિ વર્ણવે છે કે જરૂરીયાતના આધારે વેબસાઇટના ઉપયોગ દ્વારા તમારા તરફથી પ્રાપ્ત થયેલી અમુક માહિતીને Paisabazaar.com કેવી રીતે એકત્રિત, સંગ્રહિત, સંભાળે અને હસ્તાંતરિત કરે છે. આ ગોપનીયતા નીતિ અમારી વેબસાઇટના મુલાકાતીઓ અને અમારા હયાત અને ભવિષ્યના ગ્રાહકોને લાગુ પડે છે. અમારી વેબસાઇટની મુલાકાત લેવા અથવા ઉપયોગ કરવા દ્વારા, તમે આ ગોપનીયતા નીતિમાં વર્ણવેલી પ્રણાલીઓને સ્વીકારો છો અને સંમતિ આપો છો.

આ વેબસાઇટનો ઉપયોગ અથવા ઉપયોગ કરવાનું ચાલુ રાખવા દ્વારા તમે આ ગોપનીયતા નીતિ, જેમાં પૈસાબજાર દ્વારા તેમની પોતાની વિવેકબુદ્ધિ દ્વારા સમય-સમય પર સુધારો કરવામાં આવ્યો હોય શકે તે અનુસાર તમારી માહિતી (ઇન્ફોર્મેશન ટેક્નૉલોજિ એક્ટ 2000, લાગુ પડતા નિયમો, સૂચના વિગેરે હેઠળ વ્યાખ્યાયિત કરેલી વ્યક્તિગત માહિતી સહિત)ના અમારા ઉપયોગ સાથે સંમત થાઓ છો.

### 1. વ્યક્તિગત માહિતીના નિયંત્રકો

તમારા વ્યક્તિગત ડેટા/માહિતીને તેની પેરેન્ટ કંપની (તેના પ્રતિનિધિઓ, સંલગ્નો અને તેના વ્યાવસાયિક ભાગીદારો સહિત) સાથે-સાથે પૈસાબજાર માર્કેટિંગ એન્ડ કન્સલ્ટિંગ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ભારતમાં સ્થિત સર્વરો પર એકત્રિત અને સંગ્રહિત કરવામાં આવશે.

### 2. અમે તમારી કેવી વ્યક્તિગત માહિતી એકત્રિત કરીએ છીએ

- ગ્રાહકો તરફથી મળતી માહિતી અમને વેબસાઇટ પરના તમારા અનુભવને વ્યક્તિગત બનાવવા અને નિરંતર સુધારો કરવામાં મદદરૂપ થાય છે. અમે જે પ્રકારની માહિતી એકત્રિત કરીએ છીએ તે અહીં વર્ણવી છે.અમે એવી કોઇપણ માહિતી અથવા દસ્તાવેજ મેળવીએ અને સંગ્રહિત કરીએ છીએ જેને તમારા દ્વારા

અમારી વેબસાઇટ પર અપલોડ કરવામાં આવે અથવા અન્ય કોઇ રીતે અમને આપવામાં આવે, જે તમારા દ્વારા લેવામાં આવેલ ઉત્પાદન અથવા સેવાઓ અનુસાર સુસંગત હોય અને અમારા અથવા અમારા વ્યાવસાયિક ભાગીદારો દ્વારા જરૂરી હોય અને તેમાં પ્રથમ નામ, અટક, ઈમેલ એડ્રેસ, જન્મતારીખ, રહેવાસી શહેર વિગેરે જેવી તમારી વ્યક્તિગત માહિતી સમાવિષ્ટ છે. તમે અમુક માહિતી પૂરી ના પાડવાનું પસંદ કરી શકો છો, પરંતુ તેવી સ્થિતિમાં તમે અમારી ઘણી સેવાઓ અને સુવિધાઓનો ફાયદો ના પણ લઇ શકો. અમે તમારી બાયોમેટ્રિક માહિતી એકત્રિત અથવા સંગ્રહિત કરતા નથી.

- અમને તમારા કૅમેરા, માઇક્રોફોન, સ્થળ અને મોબાઇલ ઉપકરણનું એકવારનું ઍક્સેસ પણ હોઇ શકે છે અને આવી માહિતીને તમારી સ્પષ્ટ સંમતિ સાથે ફક્ત ઓનબોર્ડિંગના ઉદ્દેશ અથવા અમારી કે અમારા ભાગીદારની KYCની જરૂરીયાતો માટે જ સંગ્રહિત કરવામાં આવશે. RBI દ્વારા જારી કરવામાં આવેલ ડિજિટલ લેન્ડિંગ માર્ગદર્શનો અને સમય-સમય પર તેમાં કરેલા સુધારા અનુસાર

- અમને અન્ય સ્ત્રોતો તરફથી પણ તમારા વિષેની માહિતી મળી શકે છે અને તેને અમારી એકાઉન્ટ માહિતીમાં ઉમેરવામાં આવી શકે છે.

**3. અમે કૂકીઝ એકત્રિત કરીએ છીએ**

-

જ્યારે તમે અમારી સાથે ક્રિયાપ્રતિક્રિયા કરો ત્યારે અમે અમુક પ્રકારની માહિતી મેળવીએ છીએ અને સંગ્રહિત કરીએ છીએ. ઉદાહરણ તરીકે, જેમ કે અમે "કૂકીઝ"નો ઉપયોગ કરીએ છીએ અને જ્યારે તમારૂં વેબ બ્રાઉઝર આ વેબસાઇટ અથવા જાહેરાતો અને અન્ય વેબસાઇટો પર આ વેબસાઇટ દ્વારા અથવા વતી આપવામાં આવેલી સામગ્રીને ઍક્સેસ કરે ત્યારે અમે અમુક પ્રકારની માહિતી પ્રાપ્ત કરીએ છીએ. કૂકી એ વપરાશકર્તાના કમ્પ્યુટર પર સંગ્રહિત ડેટાનો એક ભાગ હોય છે જે વપરાશકર્તા વિષેની માહિતી સાથે જોડાયેલ હોય છે. અમે સેશન ID કૂકીઝ અને પર્સિસ્ટન્ટ કૂકીઝ બન્નેનો ઉપયોગ કરી શકીએ છીએ. સેશન ID કૂકીઝ માટે, તમે તમારા બ્રાઉઝને બંધ કર્યા પછી અથવા લૉગ આઉટ કર્યા પછી, તે કૂકી સમાપ્ત થઇ જાય છે અને ભૂંસાઇ જાય છે. જ્યારે પર્સિસ્ટન્ટ કૂકી એ લાંબા સમય સુધી તમારા કમ્પ્યુટરની હાર્ડ ડ્રાઇવ પર સંગ્રહિત કરેલી એક નાનકડી ટેક્સ્ટ ફાઇલ હોય છે. જ્યારે વપરાશકર્તા આ વેબસાઇટની મુલાકાત લે ત્યારે વપરાશકર્તાની પસંદગીઓને ટ્રેક કરવા માટે Paisabazaar.com દ્વારા સેશન ID કૂકીઝનો ઉપયોગ કરવામાં આવી શકે છે. તે લોડ થવાના સમયમાં ઘટાડો કરવામાં મદદરૂપ થાય છે અને સર્વર પ્રક્રિયાની પણ બચત કરે છે.

અધિકાંશ બ્રાઉઝરો તમને એ જણાવે છે કે કેવી રીતે તમારા બ્રાઉઝરને નવી કૂકીઝ સ્વીકારતા અટકાવવું, જ્યારે તમે કોઇ નવી કૂકી મેળવો ત્યારે કેવી રીતે તમારા બ્રાઉઝરે તમને સૂચિત કરવા અને કેવી રીતે કૂકીઝને સંપૂર્ણ રીતે અક્ષમ કરવી. તે ઉપરાંત, એડ-ઓનના સેટિંગ્સ બદલવા અથવા તેના ઉત્પાદનકર્તાની વેબસાઇટની મુલાકાત લેવા દ્વારા તમે ફ્લેશ કૂકીઝ જેવા બ્રાઉઝર એડ-ઓન દ્વારા ઉપયોગ કરેલા સમાન ડેટાને અક્ષમ અથવા ડિલીટ કરી શકો છો.

જો કે, કૂકીઝ તમને આ વેબસાઇટની કેટલીક મહત્વપૂર્ણ સુવિધાઓનો ફાયદો લેવા દેતી હોવાને કારણે અમે તમને તેને ચાલુ રાખવાની ભલામણ કરીએ છીએ. ઉદાહરણ તરીકે, જો તમે અમારી કૂકીઝને બ્લોક અથવા અન્ય રીતે નકારો તો, તમે વેબસાઇટના એવા કોઇપણ ઉત્પાદનો અને સેવાઓનો ઉપયોગ કરી શકશો નહીં જેના માટે સાઇન ઇન કરવું જરૂરી હોય.

**4. કેવી રીતે અમે આ માહિતીનો ઉપયોગ કરીએ છીએ**

-

જ્યારે તમે એકાઉન્ટની નોંધણી કરો, જ્યારે તમે તેના ઉત્પાદનો અને સેવાઓનો ઉપયોગ કરો, તેની વેબસાઇટના પેજની મુલાકાત લો ત્યારે Paisabazaar.com તમારી માહિતી એકત્રિત કરે છે. જ્યારે તમે Paisabazaar.com પર નોંધણી કરો ત્યારે, તમને તમારા પ્રથમ નામ, અટક, રાજ્ય અને રહેવાસી શહેર, ઈમેલ એડ્રેસ, જન્મતારીખ અને લિંગ વિષે પૂછવામાં આવે છે. આ વેબસાઇટ પર નોંધણી અને સાઇન ઇન કર્યા પછી તમે અમારા માટે અનામી નથી. તેમજ, નોંધણી દરમિયાન તમને તમારા સંપર્ક નંબર આપવાનું કહેવામાં આવે છે અને તમારા વાયરલેસ ઉપકરણ પર અમારી સેવાઓ વિષે SMS, સૂચનાઓ મોકલવામાં આવી શકે છે. તેથી, નોંધણી કરવા દ્વારા તમે તમારી DND અથવા DNC અથવા NCPR સેવાઓ હેઠળ નોંધણી કરાવેલી હોવા છતાં, Paisabazaar.com (તેના વ્યાવસાયિક ભાગીદારો અને સંલગ્નો સહિત)ને તમને તમારી લૉગિનની વિગતો સાથે અને અન્ય કોઇ સેવાની જરૂરીયાતો સાથે ટેક્સ્ટ અને ઈમેલ એલર્ટ મોકલવાની અધિકૃતતા આપો છો. તમારી અધિકૃતતા જ્યાં સુધી તમારૂં એકાઉન્ટ નિષ્ક્રિય ના થાય અથવા તમે તમારી સંમતિ પાછી ના ખેંચો ત્યાં સુધી માન્ય રહેશે. સેવા પૂરી પાડવાના અને તમારા દ્વારા લેવામાં આવેલી સેવાઓ માટે અમારી વેબસાઇટના સરળતાપૂર્વક ઍક્સેસ કરવા અને લાગુ પડતા કાયદાઓના પાલનના ઉદ્દેશ માટે પૈસાબજાર વેબસાઇટ તમારી સંમતિના આધારે કૅમેરા સહિત તમારા મોબાઇલ ઉપકરણને પણ ઍક્સેસ કરી શકે છે.

**માહિતી એકત્રિત કરવાનો ઉદ્દેશ:**

તમને સેવાઓની સગવડ અને ડીલિવરી આપવા, ચૂકવણીઓ અને તમારી અરજીઓ પર પ્રક્રિયા કરવા, ઉત્પાદનો, સેવાઓ અને પ્રમોશનલ ઑફરો વિષે તમારી સાથે વાતચીત કરવામાં અમને અથવા અમારા વ્યાવસાયિક ભાગીદારોને સહાય કરવા.

તમારા દ્વારા સબમિટ કરવામા આવતી પૂછપરછ અથવા વિનંતીઓનો ઉત્તર આપવા અને તમને આપવામાં આવેલી કોઇપણ સેવાઓ સંબંધી તમારી ફરિયાદો/મદ્દાઓ/સમસ્યાઓ ઉકેલવા.

અમારા વ્યાવસાયિક ભાગીદારો સાથેના કોઇપણ કરાર સંબંધી અમારી જવાબદારીઓનું સંચાલન કરવા અથવા અન્યથા હાથ ધરવા.

તમને ખાસ પ્રમોશનો અથવા ઑફરો વિષે માહિતી મોકવા. અમે તમને નવી સુવિધાઓ અથવા ઉત્પાદનો/સેવાઓ વિષે પણ જણાવી શકીએ છીએ. તે અમારી પોતાની ઑફરો અથવા ઉત્પાદનો/સેવાઓ હોઇ શકે છે અથવા જેમની સાથે Paisabazaar.comનું ટાઇ-અપ હોય તેવા તૃતીય પક્ષની ઑફરો અથવા ઉત્પાદનો/સેવાઓ હોઇ શકે છે.

આંતરિક વિશ્લેષણ માટે તમારી માહિતીનો ઉપયોગ કરવા અને તમને સ્થળ આધારિત સેવાઓ પૂરી પાડવા જેમ કે, જાહેરાત, શોધ પરિણામો અને અન્ય વ્યક્તિગત કરેલી સામગ્રી.

અમારા પ્લેટફોર્મને સુધારવા, કૌભાંડ અથવા અમારી વેબસાઇટના દુરુપયોગને રોકવા અથવા શોધવા અને તૃતીય પક્ષોને ટેક્નિકલ, લોજિસ્ટિકલ અથવા અન્ય કાર્યો કરવા સક્ષમ બનાવવા માટે આ માહિતીનો ઉપયોગ કરવો.
તમને અભિરુચી હોય તેવી સેવાઓ વિષે સૂચનાઓ, સંદેશાવ્યવહાર અને ભલામણો મોકલવા, અમારા રેકોર્ડ અપડેટ કરવા અને સામાન્યતઃ અમારી સાથેના તમારા એકાઉન્ટને જાળવવા, સામગ્રી અને ગ્રાહકની સમીક્ષાઓ બતાવવા.

જ્યારે તમે તમારી સંપર્ક વિગતો પૂરી પાડો ત્યારે, અમે તેનો ઉપયોગ તમને સર્વસામાન્ય સૂચનાઓ અથવા તમારા એકાઉન્ટ વિષે મહત્વપૂર્ણ સમાચાર મોકલવા, તમારો પ્રતિસાદ અથવા અભિપ્રાયોની વિનંતી કરવા અને તમને અભિરુચી હોય શકે તેવા ખાસ સોદા અને ઑફરોનું અપડેટ પૂરું પાડવા માટે કરીશું.

ગ્રાહકના દસ્તાવેજો અપલોડ કરવા માટે Android/iOS અને વેબસાઇટ પર ફાઇલ સંગ્રહિત કરવાની પરવાનગીઓ અમારા ભાગીદારો દ્વારા ગ્રાહકની અરજીઓ પર પ્રક્રિયા કરવાના ઉદ્દેશથી મેળવવામાં આવે છે.

સેવા પૂરી પાડવાના અને તમારા દ્વારા લેવામાં આવેલી સેવાઓ માટે અમારી વેબસાઇટના સરળતાપૂર્વક ઍક્સેસ કરવા અને લાગુ પડતા કાયદાઓના પાલનના ઉદ્દેશ માટે પૈસાબજાર વેબસાઇટ તમારી સંમતિના આધારે કૅમેરા સહિત તમારા મોબાઇલ ઉપકરણને પણ ઍક્સેસ કરી શકે છે.

અન્યથા આ ગોપનીયતા નીતિમાં પૂરા પાડવામાં આવેલ અને લાગુ પડતા કાયદાઓનું પાલન કરવાના ઉદ્દેશ માટે.

આ વેબસાઇટ અથવા અમારી સેવાઓની અમુક સુવિધાઓ માટે તમારે અમારી વેબસાઇટ પર તમારા એકાઉન્ટ વિભાગ હેઠળ તમારા દ્વારા આપવામાં વેલી માહિતી અનુસાર તમારી ઓળખી શકાય તેવી માહિતી પૂરી પાડવાની જરૂરી પડશે.

**5. તૃતીય પક્ષો સંબંધી સ્પષ્ટતા**

-

Paisabazaar.com આ ગોપનીયતા નીતિમાં નિર્ધારિત કરેલી પ્રતિબદ્ધતાઓ અને/અથવા તેનાથી વિરોધાભાસ રીતે કોઇપણને વ્યાવસાયિક ઉદ્દેશો માટે તમારી માહિતીને વેચશે નહીં અથવા ભાડે આપશે નહીં કે અન્યથા જાહેર કરશે નહીં. આગળ જણાવવા છતાં, આ ગોપનીયતા નીતિમાં નિર્ધારિત કરેલા ઉદ્દેશો માટે અમે તમારી માહિતીને તૃતીય પક્ષો સાથે શેર કરી શકીએ છીએ જેમાં અમારી ગ્રુપ કંપની, કર્મચારીઓ, એજન્ટો, વ્યાવસાયિક ભાગીદાર (બેંક/NBFCs),CICs, પેમેન્ટ એગ્રીગેટર અને અમારૂં ટાઇ-અપ હોય તેવા સેવા પ્રદાતાઓ અને અમારા કોઇપણ સંગલ્નો સમાવિષ્ટ છે.

આ તૃતીય પક્ષોએ તમારી માહિતીને પૈસાબજાર દ્વારા અનુસરવામાં આવતા સંભાળ અને ગોપનીયતાના સ્તરનો ઉપયોગ કરીને સંભાળવી જરૂરી છે અને આ તૃતીય પક્ષો દ્વારા તમારી માહિતીનું કોઇપણ ઍક્સેસ અથવા પ્રક્રિયા કરવી એ કરારની શરતો, લાગુ પડતા કાયદાઓ અને અમારી સૂચનાઓ અનુસાર અને તમારી સંમતિને આધિન છે. આ ફકરાના ઉદ્દેશો માટે, “સંલગ્ન”નો અર્થ થશે કે એવી કોઇપણ વ્યક્તિ, અન્ય કોઇ વ્યક્તિ જે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આવી વ્યક્તિ નિયંત્રણ કરતી હોય અથવા તેના દ્વારા નિયંત્રિત કરવામાં આવતી હોય અથવા તેની સાથેના સર્વસામાન્ય નિયંત્રણ હેઠળ હોય. “નિયંત્રણ” (તેના પરસ્પર સંકળાયેલા અર્થો સાથે “દ્વારા નિયંત્રિત” અને “સર્વસામાન્ય નિયંત્રણ હેઠળ” સહિત)નો અર્થ થશે કે એવો સત્તાનો કબજો જે સીક્યુરિટિસ અથવા પાર્ટનરશિપની માલિકી અથવા માલિકાના અન્ય હિતો દ્વારા કરાર અથવા અન્ય રીતે વ્યક્તિના સંચાલન અથવા નીતિઓનું માર્ગદર્શન કરવા અથવા માર્ગદર્શનનું કારણ બનતી હોય. “વ્યક્તિ” શબ્દના અર્થમાં કોઇપણ સ્વાભાવિક વ્યક્તિ, કૉર્પોરેશન, પાર્ટનરશિપ, લિમિટેડ લાયેબિલિટી કંપની, ટ્રસ્ટ, અનઇન્કૉર્પોરેટ અસોશિયેશન અથવા કોઇ અન્ય સંસંથા સમાવિષ્ટ છે.

Paisabazaar.com તમારી વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીને Paisabazaar.com વ્યવસાયના કોઇપણ ભાગના વેચાણના પરિણામે બનતા કોઇપણ ઉત્તરાધિકારીને અથવા તે Paisabazaar.com સંસ્થા ના રહે

તેવા આધાર પર બીજી કોઇ સંસ્થા સાથેના તેના વિલીનીકરણ, પુનર્ગઠન અથવા એકીકરણ થયે શેર અને/અથવા હસ્તાંતરિત પણ કરી શકે છે.

અમે તમારી વ્યક્તિગત માહિતીના એકત્રિકરણ અને ઉપયોગને મર્યાદિત કરીએ છીએ. અમે વ્યક્તિગત માહિતીને અનામી અથવા સમૂહમાં મૂકી શકીએ છીએ અને તેવા ડેટાને ફક્ત વ્યક્તિગત રીતે ના ઓળખી શકાય તે રીતે જાહેર કરી શકીએ છીએ. આવી માહિતી વ્યક્તિગત રીતે તમારી ઓળખ છતી કરતી નથી. તમારા એકાઉન્ટની માહિતી અને ઓળખી શકાય તેવી અન્ય કોઇ વ્યક્તિગત માહિતીને ઍક્સેસ કરવી સખ્ત પ્રતિબંધિત છે અને તેનો ઉપયોગ અમારી સેવાઓ સંચાલિત કરવા, વિકસિત કરવા અથવા સુધારો કરવા ફક્ત ખાસ આંતરિક પ્રક્રિયાઓ માટે અને આ ગોપનીયતા નીતિમાં નિર્ધારિત કરેલા ઉદ્દેશો માટે જ કરવામાં આવે છે. તમને અમારી સેવાઓ પૂરી પાડવા માટે અમે તૃતીય પક્ષના સેવા પ્રદાતાઓનો ઉપયોગ કરી શકીએ છીએ અને અમારા તેમની સાથેના કરારો હેઠળ આવા તૃતીય પક્ષો અમારા દ્વારા તેમને પૂરી પાડવામાં આવતી માહિતીની ગોપનીયતા જાળવી રાખે એ અમારા માટે જરૂરી છે.

અમે તમારી આગોતરી લેખિત સંમતિ પ્રાપ્ત કર્યા વિના ઓળખની પુષ્ટિ કરવા અથવા સાઇબરની ઘટનાઓ સહિતને રોકવા, શોધવા અને તપાસ કરવા, કાર્યવાહી કરવા અને ગુનાઓની સજાના ઉદ્દેશ માટે અથવા કાનૂની જવાબદારીના પાલન માટે જાહેર કરવી જરૂરી હોય ત્યાં કાયદા હેઠળ માહિતી પાપ્ત કરવાનું ફરજિયાત હોય તેવી સરકારી એજન્સીઓ સાથે પણ તમારી મહિતી શેર કરી શકીએ છીએ. લાગુ પડતા કાયદા હેઠળ જરૂરી હોય તો, તમે આ વેબસાઇટ દ્વારા તમારી માહિતીને જાહેર કરવા સાથે સંમત થાઓ છો અને સમંતિ આપો છો.

આ વેબસાઇટ પર લોન, ક્રેડિટ કાર્ડ, મ્યુચ્યુઅલ ફંડ જેવા અનેક ઉત્પાદનો/સેવાઓ છે જે લેન્ડર, બેંક, ક્રેડિટ કાર્ડ જારીકર્તાઓ જેવા તૃતીય પક્ષો દ્વારા પૂરા પાડવામાં આવે છે. જો તમે આ અલગ ઉત્પાદનો અથવા સેવાઓ માટે અરજી કરવાનું પસંદ કરો તો, આ પ્રદાતાઓ સામે માહિતી જાહેર કર્યા બાદ તમારી માહિતીનો તેમનો ઉપયોગ આ વેબસાઇટની ગોપનીયતા ઉપરાંત તેમની ગોપાનીયતા નીતિઓ દ્વારા સંચાલિત થાય છે. તેમની ગોપનીયતા નીતિઓ માટે Paisabazaar.com જવાબદાર નથી. અમે તમને જ્યારે તમે તેમના ઉત્પાદનો અથવા સેવાઓ માટે અરજી કરો ત્યારે આ તૃતીય પક્ષો/પ્રદાતાઓ દ્વારા અપનાવવામાં આવતી ગોપનીયતા સૂચનાઓ અને પ્રક્રિયાઓની મુલાકાત લેવા અને તેને વાંચવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. પૈસાબજાર આ તૃતીય પક્ષની વેબસાઇટોની ગોપનીયતા નીતિઓ અથવા વપરાશની શરતોની સામગ્રી માટે કોઇ જવાબદારી ધરાવતા નથી.

જો તમે અમારી મોબાઇલ એપ દ્વારા અમારા મ્યુચ્યુઅલ ફંડ ઉત્પાદનમાં રોકાણ કરો તો, તમે નીચેની સ્પષ્ટતા સાથે સંમત થાઓ છો:

“Google APIs તરફથી પ્રાપ્ત થયેલી માહિતીનો પૈસાબજારનો ઉપયોગ અને કોઇ અન્ય એપ્લિકેશન પર ટ્રાન્સફર કરવી એ મર્યાદિત ઉપયોગની જરૂરીયાતો સહિત Google API Services User Data Policyનું પાલન કરશે. પૈસાબજાર એપ એવા મ્યુચ્યુઅલ ફંડના રોકાણના પ્રદર્શનને ટ્રેક કરવામાં મદદરૂપ થાય છે જે સમય જતાં અનેક ચેનલો/પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવેલ હોય અને ગ્રાહકો માટે તે માહિતી મેળવવી અન્ય રીતે મૂશ્કેલીભર્યું હોય શકે છે. અહીં, ગ્રાહકની મૂળભૂત જરૂર એ છે કે તે એક જ સ્થળ પર એકી સાથે બધા મ્યુચ્યુઅલ ફંડ રોકાણોને જોઇ શકે અને તેના પર દેખરેખ રાખી શકે.

આ સેવા પૂરી પાડી શકવા માટે, ગ્રાહકની સંમતિ પછી પૈસાબજાર વેબસાઇટ દર મહિને ફક્ત રોકાણકર્તા/ગ્રાહક દ્વારા પ્રાપ્ત થતા મ્યુચ્યુઅલ ફંડ CAS ઈમેલ સ્ટેટમેન્ટને જ વાંચે છે અને ગ્રાહકોને એક જ સ્ક્રીન પર પૂરું અને વ્યાપક મ્યુચ્યુઅલ ફંડ ડેશબોર્ડ પૂરું પાડે છે. તે ગ્રાહકને ફક્ત એક વિસ્તૃત અનુભવ જ પૂરો પાડે છે એટલું જ નહીં, પરંતુ એક જ સ્થળ પર એકી સાથે બધા સક્રિય મ્યુચ્યુઅલ ફંડ રોકાણોને તપાસવા, ટ્રેક કરવા અને સરખામણી કરવામાં મદદરૂપ થાય છે જે તેમને જાણકારીપૂર્વક નાણાકીય નિર્ણયો લેવા સક્ષમ બનાવે છે.

**6. ડેટા સંગ્રહ**

-

પૈસાબજાર તમારી વ્યક્તિગત માહિતીને ફક્ત ભારતમાં સ્થિત સર્વરો પર જ સંગ્રહિત કરે છે. તમે પૂછપરછ કરેલ અથવા લીધેલા ઉત્પાદનની તમને સેવા પૂરી પાડવા માટે તે જરૂરી હોય શકે તેમ હોવાથી અને ઉપરોક્ત ઉદ્દેશ અને અમારા વ્યાવસાયિક ભાગીદારો સાથેની અમારી ગોઠવણોમાં ફરજિયાત હોય ત્યાં સુધી પૈસાબજાર વ્યક્તિગત માહિતી સહિતની તમારી માહિતીને જાળવી રાખી શક છે. ભારતમાં લાગુ પડતા કાયદા/નિયમનકારી જરૂરીયાતોના પાલનને આધિન આ નીતિ અનુસાર માહિતીની જાળવણી કરવામાં આવે છે.

નીચેની પરિસ્થિતિમાં, પૈસાબજાર તમારી માહિતીને વધારે સમય સુધી જાળવી રાખી શકે છે (i) કાયદા હેઠળની કોઇપણ તપાસોની જરૂરીયાતના કેસમાં અથવા અલદાલતો/ટ્રિબ્યુનલ/ફોરમ/કમિશન્સ વિગેરે સમક્ષની કોઇપણ જરૂરીયાતના ભાગ રૂપે (ii) અમારા ઉત્પાદનો/સેવાઓ વિસ્તૃત કરવા/સુધારવા અને (iii) વ્યાવસાયિક ભાગીદારો સાથેની કરારની ગોઠવણો હેઠળ જરૂરી હોય.

**7. ઓનલાઇન એકત્રિત અને ઉપયોગ કરવામાં આવતી તમારી વ્યક્તિગત માહિતી પર તમારૂં શું નિયંત્રણ છે**

-

એ બાબતની નોંધ કરવી મહત્વપૂર્ણ છે કે તમારા વિષેની જે માહિતીનો અમે ઉપયોગ કરીએ છીએ તે તમને ફાયદો આપતા ઉત્પાદનો, સેવાઓ અને અનુભવો પૂરા પાડવામાં અમને મદદરૂપ થાય છે. કેવી રીતે તમારી બિન-વ્યક્તિગત માહિતીને ઓનલાઇન એકત્રિત અને ઉપયોગ કરવામાં આવે તેને તમે નિયંત્રિત કરી શકો છો.

તમે તમે અમને સંવેદનશીલ વ્યક્તિગત માહિતી (દા.ત. તમારી નાણાકીય માહિતી) સહિત કઇ વ્યક્તિગત માહિતી પૂરી પાડશો, તૃતીય પક્ષો સામે તમારી માહિતી જાહેર કરવાને પ્રતિબંધિત કરવાનું પણ પસંદ કરી શકો છો. જો કે, કૃપા કરીને નોંધ કરશો કે તે તમારા દ્વારા લીધેલા ઉત્પાદન/સેવાના તમારા સરળ ઍક્સેસને પ્રભાવિત કરી શકે છે. તેમ છતાં, જો તમે ફરજિયાત એવી બધી માહિતી અને તમને વિનંતી કરવામાં આવેલ ડેટા પૂરો ના પાડવાનું પસંદ કરો તો, અમે તમે સબસ્ક્રાઇબ કરેલી સેવાઓ તમને પૂરી ના પણ પાડી શકીએ.

અમારૂં માનવું છે કે ઈમેલ/SMS દ્વારા તમારે કેવા પ્રકારની માહિતી પ્રાપ્ત કરવી એ તમે પસંદ કરી શકવા જોઇએ. જો તમે ઈમેલ/SMS દ્વારા માર્કેટિંગની સામગ્રીઓ પ્રાપ્ત કરવા ના ઇચ્છતા હો તો, તમારા એકાઉન્ટ માટેની સંપર્ક માહિતી પર તમારી પસંદગીઓ સૂચવો અથવા તો અમારા માર્કેટિંગ ઈમેલમાં પૂરી પાડેલી લિંક દ્વારા 'ઓપ્ટ-આઉટ' અથવા અનસબસ્ક્રાઇબ કરો અને તમે અમને care@paisabazaar.com પર પણ લખીને જણાવી શકો છો. કૃપા કરીને નોંધ કરશો કે તમારી વિનંતી પર પ્રક્રિયા કરવામાં અમને આશરે 10 દિવસ લાગી શકે છે. કૃપા કરીને ધ્યાનમાં રાખશો કે તમે ઓપ્ટ આઉટ કર્યા પછી પણ અમે તમને અમારી પાસેને તમારી સેવાઓ સંબંધી ઈમેલ/SMS/ફોન કૉલ દ્વારા સૂચિત કરવાનું ચાલુ રાખીશું.

આ વેબસાઇટ પર તમારા એકાઉન્ટમાં લૉગિન કરવા દ્વારા તમે અમને પૂરી પાડેલી માહિતીની સમીક્ષા કરી શકો છો અને તમારા દ્વારા અમને પૂરી પાડવામાં આવેલી માહિતી સાચી અને/અથવા અધૂરી ના હોવાનું સુનિશ્ચિત કરવા માટે કોઇપણ વ્યક્તિગત માહિતી અથવા સંવેદનશીલ વ્યક્તિગત ડેટા કે માહિતીમાં સુધારો અથવા વધારો કરી શકો છો. તમારા અથવા અન્ય તૃતીય પક્ષ દ્વારા તેને પૂરી પાડવામાં આવેલી કોઇપણ વ્યક્તિગત માહિતી અથવા સંવેદનશીલ વ્યક્તિગત ડેટા કે માહિતીની ખરાપણાં માટે Paisabazaar.com જવાબદાર નથી.

**8. સંમતિ પાછી ખેંચવી**

-

જો તમને લાગે કે અમારે તમારી વ્યક્તિગત માહિતીને જાળવવાની જરૂર નથી અથવા તમને લાગે કે અમને પ્રક્રિયા કરવાનો અધિકાર નથી ત્યારે જો તમારા દ્વારા અમને તમારા વ્યક્તિગત ડેટાને ડિલીટ અથવા દૂર કરવાનું કહેવામાં આવે તો, અમે તેવા ગ્રાહકની માહિતીને કાઢી અથવા ડિલીટ કરી નાખીશું. અમારી સેવાઓ પ્રાપ્ત કરતી વખતે અથવા અન્યથા કોઇપણ સમયે અમને consentrevocation@paisabazaar.com. પર લખીને જણાવવા દ્વારા તમે અમને અગાઉ તમારા સંવેદનશીલ વ્યક્તિગત ડેટા અથવા માહિતીને એકત્રિત અને ઉપયોગ કરવા માટે આપેલી સંમતિને પાછી ખેંચી શકો છો. જો કે, જો તમે તમારી આવી સંમતિ પાછી ખેંચો તો, જેના માટે માહિતી માગવામાં આવી હોય તેવી સેવાઓ તમને પૂરી પાડવાનું બંધ કરવાનો Paisabazaar.com પાસે વિકલ્પ રહેશે. આવા પ્રસંગે તમે કોઇપણ સેવા માટે ચૂકવેલો કોઇપણ શુલ્ક પાછો મેળવવાને પાત્ર રહેશો નહીં અને તમે સંમત થાઓ છો કે આ વેબસાઇટ તેના માટે કોઇપણ રીતે તમારા પ્રત્યે કાયદેસર રીતે જિમ્મેદાર રહેશે નહીં.

અમારા અને/અથવા અમારા ભાગીદારો દ્વારા ઉત્પાદનની સેવા, રિપેમેન્ટ વિગેરેના ઉદ્દેશ માટે અને લાગુ પડતા કોઇપણ કાયદાઓ હેઠળ પણ જરૂરી હોય તેમ ડેટાને જાળવી રાખવાની જરૂર પડી શકે છે. અમે ખાતરી આપીએ છીએ કે જાળવી રાખેલી આવી માહિતીને સાઇબર સુરક્ષાના બધા નિયમોને અનુસરીને સુરક્ષિત રાખવામાં આવશે.

**9. લૉગ ફાઇલો**

-

અધિકાંશ પ્રમાણભૂત વેબસાઇટોની જેમ અમે લૉગ ફાઇલોનો ઉપયોગ કરીએ છીએ. ટ્રેન્ડનું વિશ્લેષણ કરવા, સાઇટનું સંચાલન કરવા, એકંદરે વપરાશકર્તાના હલનચલનને ટ્રેક કરવા અને એકંદર વપરાશ માટે વ્યાપક વસ્તીવિષયક માહિતી એકત્રિત કરવા માટે આ માહિતીમાં ઇન્ટરનેટ પ્રોટોકોલ (IP) એડ્રેસ, બ્રાઉઝરનો પ્રકાર, ઇન્ટરનેટ સેવા પ્રોવાઇડર (ISP), સંદર્ભ/બહાર નીકળવાના પેજ, પ્લેટફોર્મનો પ્રકાર, તારીખ/સમય સ્ટેમ્પ અને ક્લિકની સંખ્યા સમાવિષ્ટ હોય શકે છે. અમે આ આપમેળે એકત્રિત થયેલી લૉગની માહિતીને તમારા વિષે અમારા દ્વારા એકત્રિત કરવામાં આવેલી અન્ય માહિતી સાથે જોડી શકીએ છીએ. અમે આવું અમારા દ્વારા તમને આપવામાં આવતી સેવાને સુધારવા, માર્કેટિંગ, વિશ્લેષણ અથવા સાઇટની કામગીરીમાં સુધારો કરવા કરીએ છીએ.

**10. ડેટા સુરક્ષા**

-

Paisabazaar.com એ એક ISO/IEC 27001:2013 પ્રમાણિત સંસ્થા છે જે માહિતી સુરક્ષા પર લાગુ પડતા પાલનના માનદંડો સુનિશ્ચિત કરે છે અને સમજે છે કે તમારી માહિતીની ગોપનીયતા, અખંડિતતા અને ઉપલબ્ધતા અમારા વ્યવસાયના સંચાલનો અને અમારી પોતાની સફળતા માટે મહત્વપૂર્ણ છે. અમારા દ્વારા તમારી પાસેથી એકત્રિત કરવામાં આવતી માહિતીની સુરક્ષા માટે અમે હંમેશા યોગ્ય ટેક્નિકલ અને સંસ્થાકીય સુરક્ષા પગલાંઓ લઇએ છીએ. અનધિકૃત અથવા ગેરકાયદેસર ઉપયોગ અથવા માહિતીના ફેરફાર સામે અને માહિતીના કોઇપણ આકસ્મિક નુકશાન, નાશ અથવા હાનિ સામે સુરક્ષા આપવા અમે અનેક ઇલેક્ટ્રોનિક, પ્રક્રિયાત્મક અને ભૌતિક સુરક્ષાના પગલાઓનો ઉપયોગ કરીએ છીએ. ડેટા સુરક્ષાના કોઇપણ શંકાસ્પદ ભંગને પહોંચી વળવા અમે યોગ્ય સુરક્ષા પગલાઓ લીધા છે તમે છતાં, ઇન્ટરનેટ પરની કોઇપણ પ્રસારણ પદ્ધતિ અથવા ઇલેક્ટ્રોનિક સંગ્રહની પદ્ધતિ 100% સુરક્ષિત નથી. તેથી અમે સંપૂર્ણ સુરક્ષાની બાંયધરી આપી શકીએ નહીં. તે ઉપરાંત, તમારા લૉગિન આઇ.ડી. અને પાસવર્ડની ગોપનીયતા અને સુરક્ષા જાળવવા અને આ ક્રીડેન્શિયલ્સ કોઇ તૃતીય પક્ષને ના આપવા માટે તમે જવાબદાર છો.

**11. તૃતીય-પક્ષના જાહેરાતકર્તાઓ અને અન્ય વેબસાઇટોની લિંક**

-

**તૃતીય પક્ષની જાહેરાત**

જ્યારે તમે અમારી વેબસાઇટની મુલાકાત લો ત્યારે જાહેરાતો આપવા માટે અમે તૃતીય-પક્ષની જાહેરાત કંપનીઓ અને/અથવા જાહેરાત એજન્સીઓનો ઉપયોગ કરી શકીએ છીએ. તમને અભિરુચી હોઇ શકે તેવા સામાન અથવા સેવાઓ વિષે આ વેબસાઇટ અને અન્ય તૃતીય-પક્ષની વેબસાઇટો પર જાહેરાતો પૂરી પાડવા માટે આ કંપનીઓ આ વેબસાઇટ પરની તમારી મુલાકાતો વિષેની માહિતી (તમારૂં નામ, સરનામું, ઈમેલ એડ્રેસ અથવા ટેલીફોન નંબર સિવાય)નો ઉપયોગ કરી શકે છે.

સમગ્ર ઇન્ટરનેટ અને ક્યારેક આ વેબસાઇટ પર અમારા વતી જાહેરાતો આપવા માટે અમે તૃતીય-પક્ષના સેવા પ્રદાતાઓનો ઉપયોગ કરીએ છીએ. તેઓ આ વેબાસઇટની તમારી મુલાકાતો અને અમારા ઉત્પાદનો અને સેવાઓ સાથેની તમારી પ્રતિક્રિયા વિષે અનામી માહિતી એકત્રિત કરી શકે છે. તેઓ સામાન અને સેવાઓ માટેની લક્ષિત જાહેરાતો માટે આ અને અન્ય વેબસાઇટોની તમારી મુલાકાતો વિષેની માહિતીનો પણ ઉપયોગ કરી શકે છે. આ અનામી માહિતી પિક્સેલ ટેગના ઉપયોગ દ્વારા એકત્રિત કરવામાં આવે છે, જે અધિકાંશ વેબસાઇટો દ્વારા ઉપયોગ કરવામાં આવતી આ ઉદ્યોગની પ્રમાણભૂત ટેક્નૉલોજિ છે. આ પ્રક્રિયામાં ઓળખી શકાય તેવી કોઇ વ્યક્તિગત માહિતી એકત્રિત અથવા ઉપયોગ કરવામાં આવતો નથી.

**અન્ય વેબસાઇટોની લિંક:**

Paisabazaar.com અને અન્ય સંલગ્નો સાથે લિંક કરેલી અમારા બેંકિંગ અને નોન બેંકિંગ ભાગીદારો સંબંધી અન્ય સાઇટો હોઇ શકે છે. તમારા દ્વારા તે સાઇટોને પૂરી પાડવામાં આવતી વ્યક્તિગત માહિતી અમારી મિલકત અથવા જવાબદારી નથી. આ સંલગ્ન સાઇટોની અલગ ગોપનીયતા પ્રણાલીઓ હોય શકે છે અને અમે તમને જ્યારે તમે તેમની સાઇટની મુલાકાત લો ત્યારે તેમની ગોપનીયતા નીતિઓને વાંચવા પ્રોત્સાહિત કરીએ છીએ. આ તૃતીય-પક્ષની વેબસાઇટોની ગોપનીયતા નીતિઓ અથવા વપરાશની શરતો વિગેરેની સામગ્રી માટે પૈસાબજાર કોઇ જવાબદારી ધરાવતી નથી.

**12. આ ગોપનીયતા નીતિ સંબંધી બદલાવો**

-

Paisabazaar.com પોતાની વિવેકબુદ્ધિ અનુસાર સમય-સમય પર આ નીતિમાં બદલાવ કરવાના અધિકારને આરક્ષિત રાખે છે. અમારી માહિતી પ્રણાલીઓના બદલાવોને પ્રતિબિંબિત કરવા માટે અમે આ ગોપનીયતા નીતિને અપડેટ કરી શકીએ છીએ. અમે તમને સમયાંતરે તેની સીમક્ષા કરવા પ્રોત્સાહિત કરીએ છીએ. નીચે

આપેલી અમલની તારીખ તપાસવા દ્વારા તમે નિર્ધારિત કરી શકો છો કે છેલ્લે તમે આ સ્ટેટમેન્ટની સમીક્ષા કરી ત્યારથી તેમાં કોઇ બદલાવો કરવામાં આવેલ છે કે કેમ.

**13. નોડલ ફરિયાદ અધિકારી**

-
કંપનીએ ડિજિટલ લેન્ડિંગ સંબંધી કોઇપણ ફરિયાદો સંબંધી ગ્રાહકની ફરિયાદોનું નિરાકરણ કરવા એક નોડલ ફરિયાદ અધિકારી નિયુક્ત કર્યા છે. આ નોડલ ફરિયાદ અધિકારીનું નામ અને સંપર્ક વિગતો નીચે આપેલી છે :

**નામ**: કુ. જ્યોત્સના પોપલી
**સરનામું**: પૈસાબજાર માર્કેટિંગ એન્ડ કન્સલ્ટિંગ પ્રાઇવેટ લિમિટેડ, પ્લોટ નં. 135, સેક્ટર-44, ગુરુગ્રામ-122001, હરિયાણા
**ઈમેલ**: servicehead@paisabazaar.com

જો તમને અમારી ગોપનીયતા નીતિ વિષે કોઇ પ્રશ્નો, ચિંતાઓ અથવા સૂચનો હોય તો, અમારા અમારો સંપર્ક કરો પેજ પરની સંપર્ક માહિતીના ઉપયોગથી અથવા care@paisabazaar.com પર અમારો સંપર્ક કરી શકાય છે.

**14. ડેટા ફરિયાદ અધિકારી**

-
જો તમને તમારા દ્વારા Paisabazaar.comને પૂરો પાડવામાં આવેલા કોઇપણ માહિતી ડેટાની પ્રક્રિયા સંબંધી કોઇ ફરિયાદો હયો અથવા વિસંગતતા જણાવવા ઇચ્છતા હો તો, કૃપા કરીને અમારા ડેટા ફરિયાદ અધિકારીનો સંપર્ક કરો. આ ડેટા ફરિયાદ અધિકારીનું નામ અને સંપર્ક વિગતો નીચે આપેલી છે:

**નામ**: શ્રીમાન મુકેશ શર્મા
**હોદ્દો**: ડિરેક્ટર-ટેક્નૉલોજિ એન્ડ ડેવલપમેન્ટ
**સરનામું**: પૈસાબજાર માર્કેટિંગ એન્ડ કન્સલ્ટિંગ પ્રાઇવેટ લિમિટેડ, પ્લોટ નં. 135, સેક્ટર-44, ગુરુગ્રામ-122001, હરિયાણા
**ટેલી.**: 0124 - 4562900
**ફેક્સ**: 0124 - 4562902
**ઈમેલ**: grievance-officer@paisabazaar.com

જો તમને અમારી ગોપનીયતા નીતિ વિષે કોઇ પ્રશ્નો, ચિંતાઓ અથવા સૂચનો હોય તો, અમારા અમારો સંપર્ક કરો પેજ પરની સંપર્ક માહિતીના ઉપયોગથી અથવા care@paisabazaar.com પર અમારો સંપર્ક કરી શકાય છે.

**આ ગોપનીયતા નીતિને છેલ્લે આ તારીખે અપડેટ કરવામાં આવી હતી: 03 Oct 2022**